Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.



પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

આત્મ સંવત ૯૨ પોષ પુસ્તક : ૮૪
વીર સંવત ૨૫૧૩ જાન્યુઆરી
વિક્રમ સંવત ૨૦૪૩ ૧૯૮૭ અંક : ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| (૧) | આત્માને પરમાત્મા બનાવનારી આરાધના | પ. પૂ. આ. મ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. સા. | ૩૩ |
| (૨) | કર્ણ પિશાચિની | લે. શશીકાન્ત મ. મહેતા | ૩૯ |
| (૩) | શ્રી પંચસૂત્રકમ્ એક પરિચય | લે. કે. જે. દોશી | ૪૧ |
| (૪) | ભગવાન મહાવીરની તલસ્પર્શી અહિંસાની દૃષ્ટિ | રાષ્ટ્રસંત મુનિશ્રી નગરાજશ્રી | ૪૨ |
| (૫) | પંચસૂત્રનો સાર | — | ૪૪ |
| (૬) | સમાલોચના | — | ૪૬ |
| (૭) | સમાચાર | — | ૪૮ |



## આ સભાના નવા આજીવન સભ્યો

**શ્રી રસીકલાલ હીરાચંદ શેઠ-ભાવનગર**

**શ્રી ભોગીલાલ ભાણજીભાઈ શાહ-ભાવનગર**

**શ્રી હર્ષદરાય હીરાલાલ શાહ-ભાવનગર**

### સભા સમાચાર

શ્રી જૈન આત્માનંદ સભા યોજિત

## ઘોઘા તીર્થ યાત્રા

સંવત ૨૦૪૩ના માગશર શુદ બીજી તેરશને રવિવાર તા. ૧૪-૧૨-૮૬ના રોજ ઘોઘા તીર્થ ઉપર યાત્રા કરવા જવા માટે આ સભાના સભ્યોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. બહુ જ સારી સંખ્યામાં સભ્યોએ લાભ લીધો હતો. સવારના આવેલ સભ્યોને ચા-નાસ્તો વિગેરે આપવામાં આવ્યા હતા. આવેલ સભ્યોએ સ્નાત્ર ભણાવ્યું. રાગ રાગણી પૂર્વક પૂજા ભણાવવામાં આવી. બપોરના આશરે ત્રણેક વાગે સમૂહમાં સહુએ આનંદ પૂર્વક ભોજન લીધું હતું. આવો અનુપમ લાભ આપનાર સખી ગૃહસ્થોનો ખૂબ જ આભાર.

" નવખંડા પાર્શ્વનાથ જયવંત રહો "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૪ ] ● વિ. સં. ૨૦૪૩ પોષ : જાન્યુઆરી-૧૯૮૭ ● [ અંક : ૩

# ● આત્માને પરમાત્મા બનાવનારી આરાધના

● લે. પ. પૂ. આ. મ. શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. સા.

**પ**રમોપકારી શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે પ્રભુના નામના જાપથી, પ્રભુની આકૃતિના દર્શન, પૂજન ધ્યાનાદિથી તથા પ્રભુમાં રહેલ ઉત્તમોત્તમ કરણા પરોપકારાદિ ગુણોના અનુચિંતનથી પ્રભુની સાથે સાધકનો સંબંધ સારી રીતે બંધાય છે. અને તે દ્વારા સાધક જ્યારે અભેદભાવ સુધી પહોંચે છે, ત્યારે પોતે જ પરમાત્મ સ્વરૂપ બની જાય છે.

ઉપકારક આ વિધાન પર આપણે ઉંડાણથી વિચારીએ :-

પહેલા પ્રભુના નામના જાપની વાત છે.

"જેને જેનો ખપ, તેને તેનો જપ"

જપ એ માત્ર શાબ્દિક ક્રિયા નથી. પરંતુ તેની ભીતરમાં સાધકનો પ્રભુ માટેનો ભાવ પણ છે હોય છે.

જે વસ્તુ યા વ્યક્તિનો અભાવ યા વિરહ માણસને સાલતો હોય છે, તે વસ્તુ યા વ્યક્તિનો જાપ તે જપતો હોય છે.

સર્વ પ્રકારના જપમાં પરમ તારકશ્રી અરિહંત પરમાત્માના "નમો અરિહંતાણં" નામનો જપ શ્રેષ્ઠ છે, કારણ કે આ જપ જીવનાં ખપને પૂરો કરે છે. તેવી સ્વાભાવિક તેની શક્તિ છે.

જપના મુખ્ય પ્રકાર ત્રણ છે, માનસ, ભાષ્ય અને ઉપાંશુ.

જપની શરૂઆત ભાષ્ય જપથી થાય છે. તે માનસમાં પહોંચ્યા પછી છેલ્લા અજપાજપમાં ઢળે છે. શ્વાસ જેટલું સહજ રીતે પરમાત્માનું નામ ચાલુ રહે તેને અજપાજપ કહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જપ માટે યોગ્ય સ્થળ, વાતાવરણ, આસન તથા ઉપકરણો જરૂરી છે.

તેમજ જપ પૂર્વે શિવમસ્તુ સર્વ જગતઃની ભાવના વડે ચિત્તને શુદ્ધ કરવું પડે છે. શુદ્ધ વસ્ત્ર પર રંગ બરાબર બેસે છે, તેમ શુદ્ધ ચિત્ત પર જાપની છાપ બરાબર ઉપસે છે અને એવો જાપ ત્રિવિધ તાપનું નિવારણ કરે છે.

જે સાધકને ભગવાનના નામનો જાપ ગમે છે. તેને તેમની મુર્તિના દર્શન સિવાય ચેન નથી પડતું.

શ્રી અરિહંત પરમાત્માની પરમ કલ્યાણકારી ભવ્યતમતાનું અનુપમ દર્શન તેમની મૂર્તિના દર્શન કરવાથી થાય છે.

તે મૂર્તિ શાન્તાકાર હોય છે, નિસ્તંદ્ર મુદ્રા મંડિત હોય છે. પદ્માસનસ્થ હોય છે. સ્ત્રી સંગ રહિત હોય છે. શસ્ત્રાદિ રહિત હોય છે. તેની સમગ્ર રચનામાં પરમાત્મભાવ હોય છે. પૂછવું ન પડે કે સમતાભાવ કોને કહે તેવો સચોટ અનુભવ તેના દર્શન કરનારા સાધકને થાય છે.

દર્પણ દેહનું દર્શન કરાવે છે. શ્રી જિન-પ્રતિમા આત્માનું દર્શન કરાવે છે. એટલે દર્પણથી દૂર રહેનારા મહાત્માઓ પણ શ્રી જિન પ્રતિમાના દર્શન કર્યા સિવાય અચિત્ત જળ પણ વાપરતા નથી.

નસીબ સારૂં હોય છે. તો પ્રભાતમાં સારા માણસનું મોં જોવા મળે છે. તો પ્રભાતમાં શ્રી જિનરાજ તુલ્ય શ્રી જિન પ્રતિમાનાં દર્શન કરનારા મહા ભાગ્યશાળી જ ગણાય.

પ્રત્યેક મુમુક્ષુ સાધકને શ્રી જિન પ્રતિમા પ્રત્યે અસાધારણ સ્નેહ હોય છે. એટલે તે હંમેશા એમ જ માનતો હોય છે કે શ્રી જિન-પ્રતિમાનાં દર્શન કરનારા ખરેખર મહા ભાગ્યશાળી છે.

પ્રભુના નામના જપથી જે ભાવ-નિકટતા જન્મે છે, તેમાં વધુ સુદઢતા શ્રી જિન પ્રતિમાના દર્શન કરવાથી આવે છે.

એટલે મુક્તિપિપાસુ આત્મા કેવળ દર્શનથી ન ધરાતા પૂજામાં પરોવાય છે.

પ્રભુની પૂજા કરવા મળે તેનાથી વધુ ચઢિયાતો કયો અવસર હોઈ શકે? એમ ચિંતવતો મુમુક્ષુ હાથમાં કળશ લઇને પ્રતિમાજીને પ્રક્ષાલ કરે છે ત્યારે તેના રૂંવાડે-રૂંવાડે ભાવ શીતળતાની લહેર ફેલાઈ જાય છે. પૂજા માટે ચંદન કેસર ઘસતાં તેનો પૂજાનો ભાવ એવો ઉચ્ચ બને છે કે ભવોભવનાં સંચિત ઘણા કર્મોનો કચ્ચરઘાણ નીકળી જાય છે અને જ્યારે તે કેસરની વાટકીમાં પોતાની શુદ્ધ આંગળીનો અગ્રભાગ બોળે છે. ત્યારે તેનો હર્ષ સીમાતીત બની જાય છે. અને પૂજા કરતાં તો તે નખશિખ ભક્ત બની જાય છે.

શ્રી જિન પ્રતિમાને સાક્ષાત્ શ્રી જિનરાજ તુલ્ય કહીને શાસ્ત્રકાર ભગવંતોએ આપણા ઉપર જ અનહદ ઉપકાર કર્યો છે.

અને તેમનું આ વિધાન સો ટચનું હોવાનો સચોટ અનુભવ ભાવપૂર્વક ઉત્તમ દ્રવ્યથી પૂજા કરનારા મુમુક્ષુને થાય છે.

ઉત્કૃષ્ટ શાન્તરસના ઉત્કૃષ્ટ પરમાણુઓથી બનેલી શ્રી જિનરાજની કાયા જેવી જ તેઓશ્રીની પ્રતિમા હોય છે. એટલે તેના દર્શન કરવાથી મોહના દળીઆ વેરવિખેર થાય છે. આત્માને મોકળાશ પ્રાપ્ત થાય છે.

શ્રી જિનપૂજા એ કુળાચાર હોવા ઉપરાંત અપૂજ્ય પદાર્થોની પૂજા કરવાના મોહમાંથી છોડાવવાનો ઉત્તમ આધ્યાત્મિક આચાર છે.

ત્રિભુવનમાં પૂજ્યતમ શ્રી જિનરાજની પ્રતિમાની પૂજા કરનારા પુણ્યવંત સાધકને ક્રમશઃ શ્રી જિનરાજમાં એવો અવિચળ રાગ પેદા થાય છે કે તેની સમગ્રતામાં શ્રી જિનરાજ ભાવથી છવાઇ જાય છે. અને તે તેમાં ઓતપ્રોત થઇ





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય છે. શરીરથી ભિન્ન એવો તે આત્મા પરમાત્મા રૂપે પોતાને અનુભવે છે.

સાચી ધ્યાનદશાનું આ ચિત્ર છે કર્મ વૈચિત્ર્યનો સમૂળ સંહાર કરવાની અસાધારણ શક્તિ આ પ્રકારના જિન ધ્યાનમાં છે.

ધ્યાનને અનલની જે ઉપમા છે તે સાચી છે. અને તેનો અનુભવ ધ્યાતા ધ્યાનસ્વરૂપ બને છે. ત્યારે તેને થાય છે.

જિનધ્યાનમગ્ન સાધકની પાંચ ઈન્દ્રિયો, દશ પ્રાણ સાત ધાતુઓ અને સાડા ત્રણ કરોડ રૂંવાડા નિશદિન શ્રી જિનગુણ ગાવામાં મગ્ન રહે છે.

સર્વ ગુણોના પ્રકર્ષને પામેલા શ્રી જિનેશ્વરદેવના ગુણો ગણ્યા ગણાય તેમ નથી. સ્વયં કેવલી ભગવંત પણ તે ગુણો પૂરા વર્ણવવાને સમર્થ હોવા છતાં તેનું વર્ણન પુરૂં કરે તે પહેલાં તેમનું ૮૪ લાખ પુર્વનું આયુષ્ય પણ પૂરૂં થઇ જાય છે. અને તે ગુણોનું વર્ણન અધુરૂં રહી જાય છે.

દા. ત. દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માનો પરાર્થ વ્યસનીપણાનો ગુણ લો !

પોતાના છેલ્લા ત્રણ ભવ તો તેઓશ્રી પરાર્થ વ્યસનીપણામાં દીપાવે છે પણ તે પૂર્વના ભવોમાં પણ આ મહાન ગુણની આગવી અસર તેમના સમગ્ર વર્તન પર હોય છે.

ત્રણ ભવ એટલે કેટલો સમય તે વિચારો અને પછી એ વિચારો કે રાત-દિવસના ૨૪ કલાકમાંથી કેટલો સમય આપણે પરાર્થે ગાળીએ છીએ ?

આમ વિચારવાથી સળંગ ત્રણ ત્રણ ભવ સુધી જગતના સર્વ જીવોના પરમ કલ્યાણની ભાવનાને જીવનમાં જીવનારા શ્રી અરિહંત પરમાત્મામાં અસીમ અનુરાગ જન્મે છે, ભકિતભાવ જન્મે છે. પરમપૂજ્ય ભાવ પ્રગટે છે.

'જિન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ' એ ઉક્તિ અનુસાર પુરૂષોત્તમ એવા શ્રી જિનરાજના ગુણ ગાવાથી અવગુણ જીવનમાંથી દૂર થાય છે અને ગુણ અંગભૂત બને છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીજીને ચંડકૌશિક સર્પે ડંખ દીધો પણ ક્ષમાસાગર પ્રભુજીએ તો 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિય' કહીને તેને પણ તાર્યો.

આ ક્ષમાગુણ આપણામાં આજે કેટલો, તેના ઉપર વિચાર કરવાથી ક્ષમાસાગર શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ દળદાર બને છે.

'ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાય' એ પંક્તિનો ભાવાર્થ પણ એમ કહે છે કે પરમપદનો અભિલાષી સાધક પરમ ગુણસંપન્ન પરમાત્માના ગુણ ગાય છે ત્યારે જ તેના જીવને કળ વળે છે. તેના જીવમાં જીવ આવે છે.

ગુણનું ઘર આત્મા છે. અને એ આત્મા આપણા શરીરરૂપી ઘરમાં રહેલો છે, છતાં આપણે આત્માના ગુણોને અંગભૂત નથી બનાવી શક્તા તે હકીકત એમ સૂચવે છે કે તમે સર્વગુણસંપન્ન પરમાત્માના શરણે જાઓ !

ત્રિભુવનમાં કોઇ જીવ એવો નથી કે જે આપમેળે સર્વથા મુક્ત થયો હોય. તેમાં શ્રી અરિહંત પરમાત્મા અપવાદરૂપ હોવા છતાં તેઓશ્રીને પણ તરવા માટે પ્રવાહથી અનાદિ શ્રી જિનશાસનનું આલંબન લેવું પડે છે. માટે તેઓશ્રી તીર્થંકરપદ પામ્યા પછી ધર્મદેશના આપવા માટે સમવસરણમાં સિંહાસન પર બિરાજતાં પૂર્વે 'નમો તિત્થસ્સ' બોલે છે.

અહીં આ વાત એટલા માટે રજુ કરી છે કે આપણને શરણાગતિનું મહત્વ બરાબર સમજાય તેમ જ આપ મેળે ભવસાગર નથી તરી શકાતો તે હકીકતમાં શ્રધ્ધા બેસે.

શ્રી જિનભક્તિ વડે ભવસાગર સહેલાઈથી તરી શકાય છે. પણ તેમાં સ્વ શક્તિનો અહં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહે છે ત્યાં સુધી ભાવ ઐક્ય નથી સધાતું.

સાધક જ્યારે શ્રી જિનરાજના ભાવમાં નિજ-ત્વને ઓગાળી દે છે ત્યારે જ તે પૂર્ણત્વને પામીને પરમાનંદ અનુભવે છે.

ભાવ-ઐક્ય ત્યારે સધાય છે, જ્યારે સાધક પોતે પોતાના ચિત્તમા શ્રી જિનરાજના ગુણો ધારણ કરે છે. આત્મામા રમણતા સધાય છે. જે પરમાત્મા રમણતાના અંગભૂત છે.

ફુલથી સુગંધને અલગ નથી પાડી શકાતી, તેમ ગુણ અને ગુણી વચ્ચે ઐક્ય સધાય છે, ત્યારે સાધક સાધ્ય સ્વરૂપ બને છે.

પણ સુવાસને નિજ અંગભૂત બનાવવા માટે પુષ્પને ધરા સાથે આમૂલ સંબંધ બાંધવો પડે છે, તેમ સાધકને સાધ્ય સ્વરૂપ બનવા માટે શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાને સમર્પિત થવું પડે છે.

શ્રી અરિહંતના ગુણની ગંગામાં અહર્નિશ સ્નાન કરવાથી સાધક પોતે દુન્યવી સર્વ સંબંધોનો ક્ષય કરતો કરતો લોકોત્તર સંબંધની ભૂમિકા પ્રાપ્ત કરે છે.

બાણાવળી જેમ લક્ષ્યને જ તાકે છે, તેમ મુક્તિરસિક સાધકની આંખ પરમ આત્મામાં મંડાયેલી હોય છે.

તે આંખને તત્વદષ્ટિ કહે છે. જે બધેથી તત્વને ગ્રહણ કરે છે. અને જડમાં જરા પણ લેપાતી નથી.

જડ પદાર્થોના વિવિધ આવિષ્કાર રૂપ આલિશાન બંગલા, હોટેલો, નાટયગૃહો વગેરે તરફ તાકવા સુધ્ધામાં તેવી દષ્ટિવાળો સાધક નિજ સાધ્યની લાઘવતા સમજે છે.

ખરૂં મહત્વ સાધ્યનું યથાર્થ ગૌરવ સાચવવામાં છે

સાધ્ય પરમાત્માનું ગૌરવ આત્મા તેમના ઉપયોગમાં રહે છે, તો જ સચવાય છે.

કામ-ક્રોધાદિ આત્માનો ઉપયોગ કરી જાય યા તે-તે સઘળા વિકૃત ભાવો પાછળ આત્માનો ઉપયોગ થવા દેવો તે સાધક માટે ભયાનક ભાવ-મૃત્યુ સમાન છે.

દ્રવ્ય-મૃત્યુ દેહનું થાય છે.

ભાવ-મૃત્યુમાં આત્માનું પતન થાય છે, તે અધિક મલિન થાય છે.

જેની શક્તિ અચિંત્ય છે. જેના મહિમાનો પાર નથી. એ આત્મા જરા પણ મલિન થાય એવા વિચાર, વાણી તેમજ વર્તનને જે ચલાવી લે છે તે મુક્તિમાર્ગમાં ટકી શકતો નથી. પણ આડે વાટે ફેંકાઈ જાય છે.

સાચવવા જેવા આત્માને સમ્યક્ પ્રકારે સાચવીને જ પરમાત્મા બની શકાય છે.

આત્માને સાચવવા માટે મનને અંકુશમાં લેવું પડે છે

મનને અંકુશમાં લેવાનો ઉપાય 'નમો' છે.

તાત્પર્ય કે મન જ્યારે પોતાનું મટીને શ્રી અરિહંત પરમાત્માનું બને છે ત્યારે આત્મા હાથમાં આવે છે.

સાધક અને સાધ્ય વચ્ચેના સંબંધનું માધ્યમ 'નમો' છે તેની પરિણતિ દ્વારા સાધક સાધ્યને પામે છે.

જેના જીવનમાં 'નમો' ના સ્થાને 'હું' છે, તે સાધક સાધના પથ પર એક ડગલું પણ ચાલી શકતો નથી.

ભક્તિ લાગુ પડ્યાની નિશાની શી? એ પ્રશ્નના ઉત્તરમાં અનુભવી મહાપુરૂષો ફરમાવે છે કે દવા લાગુ પડવાથી દર્દ ઘટે છે, તેમ જ કાળકો નાબૂદ થાય છે, તેમ ભક્તિ લાગુ પડવાથી અહં અને મમ પાતળાં પડે છે તેમજ કાળકો નાબૂદ થાય છે.

શ્રી ભક્તામર સ્તોત્રકાર ભગવંત માટે જ ગાય છે કેઃ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'મત્વેતિ નાથ તવ સંસ્તવનં મયેદં, માર-ભ્યતે તનુધિયાઽપિ તવ પ્રભાવાત્...............

પણ એમ નથી કહેતા કે આ ભક્તામર સ્તોત્ર હું રચી રહ્યો છું, યા રચી શકયો છું.

સાધના માર્ગમાં આગળ વધ્યા પછી પણ સૂક્ષ્મ અહંના અંશો તોફાની વાતાવરણ ન સર્જી શકે એટલા માટે શ્રી જિન શાસનમાં સમર્થ પૂર્વધર ભગવંતોને પણ આત્માની આરાધના કરવાનું વિધાન છે.

શ્રી જિનભક્તિ અસ્થિમજજાવત્ બને છે, ત્યારે જ સૂક્ષ્મ અહં યાને મોહના છેલ્લા દળીઆ નામશેષ થાય છે.

માટે શ્રેણિક-ભક્તિ વખણાય છે. ચિતામાં બળતા તેમના દેહના હાડકામાંથી 'વીર વીર' ધ્વનિ નીકળતો હતો.

અનુપમ એ ભક્તિએ તેમને ભાવિ તીર્થંકર પરમાત્મા બનાવીને એ પુરવાર કર્યું કે ભાવ પૂર્વકની જિન ભક્તિ જે આપી શકે છે તે બીજું કોઇ આપી શકતું નથી.

શ્રી જિન ભક્તિમાં આપણને ભાવ કેટલો ? કોહીનૂર હીરા તરફ હોય એટલો પણ ખરો કે નહિં ?

આ માનવ ભવ એ કોહીનુર હીરા સમાન છે. તેની શોભા પરમાત્માની આજ્ઞામાં જડાઇ જવામાં છે. તેમ કહેવાને બદલે જો તેને રાગ-દ્વેષના કીચડમાં રગદોળીશું તો મૂર્ખને ડાહ્યો કહેરાવનારા મહા-મૂર્ખ ઠરીશું

શાસ્ત્રો કહે છે કે પરમાત્માને તમારો શ્વાસ આપો તો તમે પરમાત્માના શ્વાસરૂપ બની જશો.

સાચો સાધક પરમાત્માની ભક્તિને જ પોતાનું જીવન સમજે છે તેમ.

માછલી જળ બહાર ફેંકાઇ જતાં તરફડવા માંડે છે તેમ સાચો સાધક પરમાત્માના ગુણની ગંગા બહાર નીકળતાં વેંત તરફડવા માંડે છે. તેનું શરીર ભારે બની જાય છે. મન વ્યાકુળ બની જાય છે. ધબકારા બે-તાલ બની જાય છે. પત્ર અક્કડ બની જાય છે. જોઇ લો જાણે જીવતું નિશ્ચેષ્ટ પુતળું.

એટલે આપણે સર્વ પ્રથમ આપણા જીવનનું સાધ્ય નક્કી કરવું જોઈએ.

શ્રી જિનવચનમાં નિષ્ઠાવાળા સાધકનું સાધ્ય મુક્તિ જ હોય છે. કારણ કે મુક્તિ સિવાય બીજી કોઇ ઝંખના રાખવી કે લક્ષ્ય રાખવું તે માનવ ભવને છાજતું કૃત્ય નથી.

મુક્તિ સાધ્ય નક્કી કર્યા પછી તે દિશામાં ચાલવું પડે છે. ત્યાં ચાલવાની સાચી શક્તિ સર્વ કર્મ મુકત શ્રી અરિહંતની ભક્તિ કરવાથી પ્રાપ્ત થાય છે.

હું શ્રી અરિહંતનો ભક્ત છું. એ વચન પણ જો તમે દિવસમાં ૧૦૮ વાર બોલશો તો પણ તમારી આંતરવૃત્તિ ઉજમાળ બનવા માંડશે.

એવું અજબ કામણ શ્રી અરિહંત શબ્દમાં છે. જડ પુદ્ગલોના સબળા વ્યામોહને હણવાની સ્વાભાવિક શક્તિ આ અરિહંત) શબ્દમાં છે. માટે આ શબ્દમાં રમણતા કરતો સાધક સર્વ જીવોનો મિત્ર બની શકે છે.

જીવ જગતના પરમેશ્વર એવા શ્રી અરિહંતની 'ભક્તિને મુક્તિનું અવંધ્ય બીજ કહ્યું છે, તે હકીકત સૂર્ય પૂર્વમાં ઉગે છે એ હકીકત જેટલી નક્કર છે.

માંટે વીર્યવંત સાધક શ્રી અરિહંતને પોતાનું હૃદય સોંપતા અચકાતો નથી.

જેની સેવા કોઈ કાળે ફળતી નથી તે સંસારને હૃદય સોંપવામાં વીરત્વ નથી, પણ કાયરતા છે. સ્વાર્થ છે, મોહ છે.

માટે મહા વીર પુરૂષો મુક્તિમાર્ગની સાધના કરી શકે છે. સ્વાર્થનો ત્યાગ કરી શકે છે. મરણાંત ઉપસર્ગ આવવા છતાં સમાધિ ભાવ જાળવી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવું મહા વીરત્વ પરમાત્માની ભક્તિ કરવાથી આવે છે. તેમાં આપણે તો માત્ર અલ્પત્વનું સમર્પણ જ કરવાનું હોય છે. બાકીનું બધું કામ ભક્તિ કરે છે.

ભક્તિ કહો કે સાધના બંને એકાર્થક છે.

સાધવાનું શું ? આત્મા.

તે સધાય શી રીતે ?

પરમાત્માને સાધ્ય બનાવવાથી.

જ્યાં જ્યારે જે વિચાર આવે, ત્યાં, ત્યારે એ વિચારમાં પરમાત્માભાવ વિચરે છે કે નહી એ જોવાથી આપણે કયા માર્ગમાં વિચરીએ છીએ તેનો ખ્યાલ આવી જાય છે.

પરમાત્માના વિચારમાં સકળ જીવલોકનું પરમ મંગલ છે. માટે તેને ઉત્કૃષ્ટ ભાવના કહી છે. તો આપણી મતિરૂપી સતીનું સગપણ તે ઉત્કૃષ્ટ ભાવરૂપી મતિ સામે કરીને લગ્ન પણ તેની જ સાથે કરી શકીએ એવી પુષ્ટ એને બનાવવી જોઇએ.

પછી આપણા આત્માના સર્વ પ્રદેશોમાં પરમાત્મસત્તાનું સામ્રાજ્ય અનુભવી શકીશું.

સાધનાના આ ચરમ બિંદુએ પહોંચવાની તાલાવેલી માટે જ આ માનવ ભવ છે. એ શાસ્ત્રવચન ઉપર આપણે તટસ્થ ભાવે ચિંતન કરીશું તો આપણને સંસારના સુખની સાધના પાછળ ભવને જોડી દેવો તે પાણી વલોવવા જેવું મિથ્યા કૃત્ય પ્રતીત થશે.

સત્તા, સંપત્તિ, ઐશ્વર્ય, સુખ આદિ જે કહો તે આત્મામાં છે જ, અને તે પણ અનંત કક્ષાનું, જે બહાર ક્યાંય નથી. અને તેને પ્રાપ્ત કરવાની ચાવી પરમાત્મ ભક્તિ છે.

આત્મા પરમાત્માને ન ભજે તો ભજે કોને ? એ વિચાર તો કરો !

પરમાત્માને ભજવાથી જ પરમ મંગલમય જીવનનું ઘડતર થાય છે.

પડવાના સ્વભાવવાળા શરીરને ગમે તેટલી પણ સંભાળ સરવાળે પુદ્ગલ આસક્તિ વધારે છે.

માટે આસક્તિ પરમાત્મામાં કેળવવી જોઇએ, કે જેથી કરોડો-અબજો ગુણું વળતર મળે.

પરમાત્માને ભજતાં-ભજતાં ભાવ જ્યારે શુદ્ધ બને છે. આત્માના સ્વભાવ રૂપ બને છે, ત્યારે આત્મા સ્વયં પરમાત્મ સ્વરૂપ બને છે

આ ભવ રૂપી મંડપમાં આપણે નટની જેમ વિવિધ ઘણા વેષો ભજવ્યા, હવે તે છોડીને સાચા સાધકનો જીવંત પાઠ ભજવીએ. તો આત્માની જીત થશે. સંસારની હાર થશે.

જંગ જીતવા માટે નીકળેલા જવાંમર્દની જેમ આપણે પણ દેહભાવને છોડી દઈને આત્મભાવને અંગીકાર કરવાનો છે. જવાંમર્દના હૈયામાં દેશ દાઝ હોય છે, તેમ સાચા આરાધકના હૈયામાં સકલ જીવલોકની દાઝ લાગણી હોય છે, એટલે તે મુક્તિ માટે તલસતો હોય છે, કે જેથી તે જીવો સાચા મિત્ર બની શકે.

પરમાત્મ સ્વરૂપ બનવા માટે જરૂરી જે લાયકાતનું નિરૂપણ અહીં કર્યું છે, તેના ઉપર ચિંતન મનન કરવાથી સઘળી અપૂર્ણતાઓ જરૂર ડંખવાની અને તે ડંખ પરમાત્માની ભક્તિ તરફ લઈ જનારો નીવડશે.

ત્રિજગપતિ શ્રી જિનેશ્વર દેવ મને ભજવા મળ્યા છે. તે મારૂં ભાગ્ય બુલંદ હોવાનું સ્પષ્ટ ચિન્હ છે. એવી દૃઢ સમજ તેમ જ નિષ્ઠાપૂર્વક જેઓ શ્રી જિન ભક્તિમાં ગળાબૂડ બને છે, તેને સંસાર ડૂબાડી શકતો નથી. મૃત્યુ મારી શકતું નથી. સર્વત્ર તેનો જય જયકાર થાય છે.

માટે સર્વ વિવેકી આત્માઓ શ્રી જિનભક્તિને પોતાના જીવનમાં અગ્રીમતા આપે છે અને તે સિવાયના લૌકિક ક ા વેઠ સમજીને રસ વગર કરે છે.

આત્માને સરસ બનાવનારા શ્રી જિનભક્તિરસની તુલનામાં ટકી શકે તેવો કોઈ પદાર્થ ત્રિભુવનમાં નથી. એ હકીકતને હૈયામાં સ્થાપીને આપણે પણ હૈયું શ્રી જિનરાજની ભક્તિને આપવામાં ઉતાવળા બનીએ એજ શુભ કામના !*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • કર્ણપિશાચિની

• શ્રી શશીકાન્ત મ. મહેતા

મોટા ભાગના મનુષ્યોમાં સહજ નબળાઇ રહેલી છે. પોતાનું ભવિષ્ય જાણવાની, પછી તે યુવાન હો, પ્રૌઢ હો યા વૃધ્ધ હો જ્યોતિષનોવિષય આનંદ આપવા સાથે કેટલીક ચેતવણી અને સૂચનો આપનાર પણ છે.

મનુષ્યનુ નસીબ તેના લલાટ પર લખાયેલુ છે પણ આજે તે લેખ વાંચવાની શક્તિ વાળા ભાગ્યે જ હશે. મોટે ભાગે કર્ણપિશાચિની વિદ્યાથી તેનો ભૂતકાળ કહી આપે છે પણ ભવિષ્ય કહેવાની શક્તિ નથી. કેટલાક હાથ ચાલાકીથી લોટનુ કંકુ કરી આપે છે કોઇ વળી શ્રીફળમાંથી ચુંદડી કાઢી આપે છે પણ આ બધા હાથ ચાલાકીના ખેલ છે કેટલાક સમય પેલા દુરદર્શને ટેલીવીઝન પર હાથ ચાલાકીના આ ખેલ દેખાડયા હતા. તમારો ભૂતકાળ કહી હાથ ચાલાકી કરી તમારી પાસેથી રકમ લઈ લે છે. અહીં આપણે કર્ણપિશાચિની શું છે? તે જાણીએ અને તેના સાધકથી સાવધ રહીએ.

કર્ણપિશાચિની એ કંઇ કોટિની શકિત છે અને તેનુ કાર્ય ક્ષેત્ર-મર્યાદા શું છે? કર્ણપિશાચિની વિશે ઘણું સાંભળ્યું છે અને વાંચ્યું છે તેમજ આ વિદ્યાનો પ્રચાર પણ સારો એવો છે.

કર્ણપિશાચિની વિદ્યાવાળા તમારા ગજવામાં રહેલી ચીજો પૈસા અને નોટોના નંબર પણ આપે છે. દુનિયાદારીના પ્રસંગો, ચાલુ વહેવાર, વર્ષો પહેલાના તમારા અંગત સંબંધો, સગાં મિત્રોના નામ, પસંદગીની ચીજો એવી ઘણી વાતો ઝડપથી સંભળાવી શકે છે.

કર્ણપિશાચિની સિધ્ધ કરવાની બે-ત્રણ પધ્ધતિઓ છે. સ્મશાનમાં તે સિધ્ધ થાય છે, જંગલમાં પણ સાધી શકાય છે તેમજ ઘરમાં બેસીને તેને પ્રસન્ન કરી શકાય છે. એજ રીતે સંકલ્પ ગ્રહણ કરવાની પધ્ધતિથી પણ કર્ણપિશાચિનીનો હવાલો આપી શકાય છે.

આ સાધન દ્વારા વર્તમાન કાળ અને ભૂતકાળને સચોટ રીતે જાણી શકે છે. **જરા સરખી પણ ભવિષ્યવાણી આ વિદ્યાના આધારે જાણી શકાતી નથી.** કોઈ સાધક વિશિષ્ટ પ્રકારના બિજ મંત્રના સંપુટથી ક્રિયા કરે તો મનમાં રહેલી વાત કર્ણપિશાચિની કરી શકે છે પણ ભવિષ્ય તો નહી જ. આસિવાય બીજુ કાંઈ આ વિદ્યાનુ પ્રયોજન નથી.

આ વિદ્યા કોને માટે છે? કોણે કરવી જોઈએ? કયાં હેતુ માટે કરવી જરૂરી છે? એ અંગે કહે છે કે 'જે પુરૂષ વિરકત હોય સંસારના બંધનો છોડી દીધા હોય, પોતાના ઉદર પૂર્તિના આશય સિવાય દુનિયાદારીમાં ન પડતો હોય, સ્પષ્ટ વકતા હોય, લોભી, લાલચુ, કામી ન હોય તથા પરોપકારી હોય તેણે આ વિદ્યાની સાધના કરવી હોય તો કરવી, જેથી કોઇ ખોવાયેલા સ્નેહી સગા વિશે જાણકારી મેળવી શકાય, કોઇની કામની વસ્તુ ખોવાઇ ગઇ હોય તો તેના વિશે જાણકારી મેળવી શકાય, જેથી જેનુ અન્ન સાધકે લીધું હોય તેની ઋણ મુકિત થાય. કોઈ સજ્જન ગ્રહસ્થને ષડયંત્રથી ચેતવણી આપી શકાય, આ પ્રકારના કાર્યો માટે આ સાધન છે.

કર્ણપિશાચિની વિદ્યાનો સંસારી ગ્રહસ્થ માટે સંપૂર્ણ નિષેધ છે. સાધક માટે આ શ્રાપ છે વરદાન નથી. તેના રહસ્યનુ ખુલ્લુ કરતા કહ્યુ 'જુઓ આ સંસાર, સગાં વહાલા, મિત્રો, સંબંધીઓ–એ સૌ ભ્રમ છે, તે જાણવા તમેજો કર્ણ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિશાચિની સિધ્ધ કરો પછી ખબર પડે કે વાસ્તવિકતા શું છે ? કર્ણ પિશાચિની તમને એકાંતના સમયે બધાની વાતો કરશે, જે સાંભળી સાંભળીને તમારા હિતેચ્છુ, સગાં, મિત્રો, સંબધીઓની ખરી હકીકત જાણવામાં આવતા નફરત કરવા લાગશો. ધીમે ધીમે તમે સમૂહમાં જીવવા છતાં પોતાની જાતને એકલી અટુલી નિસહાય અનુંભવશો જ્યારે કર્ણપિશાચિની તમને ક્ષણેક્ષણની સત્ય ઘટનાની માહિતી આપતીજ રહેશે. તે સાંભળી સાંભળીને તમે તમારી સભાનતા ખોઇ નાખશો, કદાચ આત્મહત્યા માટે પ્રેરાઓ, કદાચ એકાંતવાસ પસંદ કરો. તમે કર્ણપિશાચિનીને તજી દેવા માંગશો પણ તે નહીં જાય ત્યારે તમારી માનસિક હાર્દિક સંઘર્ષની પળો, અટુલાપણાની વેદના, મિત્રો, સગાં સંબધીઓએ તમારા વિશે ચર્ચેલી વાતોની યાદ આ બધી જ બાબતો તમારૂં જીવન તત્વ ખેંચી લેશે. કદાચ જીવતા હશો તો પણ મૃત અવસ્થામાં હશો અને કદાચ દઢ મનોબળવાળા હશો તો દંભનું મહોરૂં પહેરીને જીવશો. બાકી જીવન કેવુ ખારૂ થઇ પડશે તે વિચારી જુઓ' તેમણે વધુ સ્પષ્ટતા કરતા કહ્યું આ જગતમાં સંસારી લોકોને જીવન પસાર કરવા માટે ભ્રમની જરૂર છે. જો ભ્રમ ભાંગી જાય તો સંસારી સમાજનું અસ્તિત્વ રહેજ નહીં.

આ વિદ્યા છે અક્ષિપ્ત માટે, વિરકત માટે, જેને તેનો ઉપયોગ લોકકલ્યાણ માટે કરવો છે અને પોતે નિજાનંદમાં મસ્ત રહેવુ છે બાકી સંસારી માટે તો શ્રાપ છે.

(શ્રી મોહનલાલ અગ્રવાલના 'અઘોર નગારાવાગે' ના આધારે)

---

## સાભાર-સ્વીકાર

(૧) **સ્વરોદય જ્ઞાન** :- ભાવાનુવાદક શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
સંપાદક : શ્રી ચંદ્રકાન્ત અમૃતલાલ દોશી
જૈન સાહિત્ય વિકાસ મંડળ મુંબઈ-૫૬.
મૂલ્ય : ૨૦ રૂપીયા

(૨) **ध्यानविचार** :- હિન્દી અનુવાદ
પ્રકાશક :- જૈન સાહિત્ય વિકાસ મંડળ મુંબઇ ૫૬.
મૂલ્ય : ૧૫ રૂપીયા

(૩) Jnanasara by **Mahopadhyaya** Shri Yashovijayji
અંગ્રેજીમાં ભાષાન્તર કરનાર પ્રો. અમ્રતલાલ એસ. ગોપાણી
સંપાદક :- ગિરીશકુમાર પરમાનંદ શાહ
પ્રકાશક :- જૈન સાહિત્ય વિકાસ મંડળ મુંબઇ-૫૬.
મૂલ્ય : ૫૦ રૂપીયા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યાકિની મહત્તરાધર્મસૂનુ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ વિરચિત વ્યાખ્યા સહિત
શ્રી ચિરંતનાચાર્ય વિરચિત

# શ્રી પંચસૂત્રકમ્

**( એક ટૂંક પરિચય )**

લે. કે. જે. દોશી

[પ્રકાશક : **શ્રી ભોગીલાલ લહેરચંદ** ભારતીય સંસ્કૃતિ સંસ્થાન વિસ્તારિત કેન્દ્ર પાટણ]

પૂજ્ય આચાર્યપ્રવર **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** વિરચિત વ્યાખ્યાથી અલંકૃત અને પૂજ્ય આચાર્યશ્રી વિજયસિધ્ધિસૂરીશ્વરજી પટ્ટાલંકાર પૂજ્ય આચાર્યશ્રી મેઘસૂરીશ્વરજીના શિષ્ય પૂજ્ય મુનિરાજશ્રી ભુવનવિજયજીના શિષ્ય તેમજ જૈન આગમોના જ્ઞાતા સંશોધનદક્ષ પૂજ્ય શ્રી જમ્બૂવિજયજી મહારાજે સંશોધિત કરી સંપાદિત કરેલ શ્રી પંચસૂત્રક નામના આ ગ્રન્થનો ટૂંક પરિચય વિદ્વદ્‌વર્ગ વાંચવા, વધુ સંશોધન કરવા પ્રેરાય અને પૂજ્ય મુનિમહારાજો તથા પૂજ્ય સાધ્વીજી મહારાજો અધ્યયન કરવા પ્રેરાય એ હેતુથી અમે અહીં આપીએ છીએ.

આ મૂળ ગ્રન્થ પંચસૂત્ર અર્ધમાગધી ભાષામાં લખાયેલ છે અને પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ સંસ્કૃતમાં તેના ઉપર વ્યાખ્યા (ટીકા) લખેલ છે. આગમોત્તર સાહિત્યમાં જૈન ધર્મના ગ્રન્થોમાં આ ગ્રન્થ એક અમૂલ્ય રત્નસમાન ગણાય છે. પૂજ્ય મુનિમહારાજો તથા સાધ્વીજી મહારાજો તથા ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાઓ આ ગ્રન્થનો હંમેશા નિયમિત મુખપાઠ કરે છે. તેથી આ ગ્રન્થના સંશોધનથી આ ગ્રન્થનો શુધ્ધ મૂળ પાઠ મળે છે, તેથી તે ઘણો ઉપયોગી પુરવાર થશે.

આ ગ્રન્થના સંશોધક-સંપાદક મુનિશ્રી જમ્બૂવિજયજી આગમોના જ્ઞાતા છે, જૈનેતર ધર્મ- તત્વજ્ઞાનના સાહિત્યના પણ ઊંડા અભ્યાસી છે. વળી સંશોધન કાર્યની પ્રેરણા અને માર્ગદર્શન તેમને આગમ પ્રભાકર પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી પાસેથી મળેલા છે. તેઓશ્રી પોતાના સંશોધન કાર્યમાં આધુનિક પધ્ધતીનો ઉપયોગ કરી પોતાના સંપાદન કાર્યને સર્વાંગસંપૂર્ણ બનાવવામાં કશી કચાશ રાખતા નથી. તે માટે જરૂરી સામગ્રી મેળવી, અથાગ પરિશ્રમ લઈ તે વિષયમાં તલસ્પર્શી અભ્યાસ કરી તે ગ્રન્થને સંપૂર્ણ બનાવવા ચીવટ રાખે છે. તેમણે ખૂબજ કુશળતાથી શ્રી દ્વાદશાર નયચક્રની સંશોધિત આવૃત્તિ તૈયાર કરી સર્વાંગસંપૂર્ણ બનાવી છે, જે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરે પ્રસિદ્ધ કરી છે. એવી જ કુશળતા અને ધગશથી આ ગ્રન્થનું સંશોધન-સંપાદન કાર્ય કરી તેને ઉત્તમકોટીના પ્રકાશનમાં મૂકેલ છે. આ ગ્રન્થના સંશોધનથી તેઓશ્રીએ શ્રી સંઘ ઉપર અનન્ય ઉપકાર કરેલ છે. પૂજ્ય પં.શ્રી પદ્યુમનવિજયજીએ પણ આ ગ્રન્થને 'સંશોધનનો આદર્શ' તરીકે ગણાવેલ છે, એ યોગ્યજ છે. આ કાર્યની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

આ ગ્રન્થને ખૂબજ ઉપયોગી બનાવવા શરૂઆતમાં વિશદ છણાવટ યુક્ત પ્રસ્તાવના આપવામાં આવી છે. આ ગ્રન્થના અંતમાં આપેલા પાંચ પરિશિષ્ટોએ તેની ઉપયોગીતામાં વધારો કર્યો છે.

આ ગ્રન્થના સંશોધન માટે આઠ કે નવ

( અનુસંધાન પેજ ૪૩ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ● ભગવાન મહાવીરની તલસ્પર્શી અહિંસાની દૃષ્ટિ

રાષ્ટ્રસંત મુનિશ્રી નગરાજશ્રી (ડી. લીટ)

**અ**હિંસાની વાત બધા મહાપુરૂષોએ કરી છે પરંતુ ભગવાન મહાવીરે જે પ્રકારના દેશકાળમાં કહી તે અસામાન્ય હતી. જ્યારે નરમેધ અને અશ્વમેધ જેવા હિંસાપ્રધાન યજ્ઞ ધુંઆધાર ગતિથી ચાલી રહ્યા હતાં ત્યારે પોતાનું એહિક અને પરલૌકિક હિત એમાં જોઇ રહ્યો હતો. એ યુગમાં અહિંસાના અવાજને એટલી પ્રખરતાથી ઉઠાવવાનું કામ ભગવાન મહાવીર જેવા મહાપુરૂષનું જ હતું.

ભગવાન મહાવીરે હિંસાને ત્રણ કક્ષામાં વિભાજીત કરી હતી. માનસિક, વાચિક અને કાયિક. જે યુગમાં મનુષ્ય કાયિક હિંસાથી પર જવા તૈયાર ન હતો ત્યારે ભગવાન મહાવીરે તેને માનસિક હિંસાની ઉપરાંત સુધી લઈ જઇને ઊભો કરી દીધો ભગવાન મહાવીર શારિરીક હિંસાથી વધુ માનસિક હિસામાં માનતાં વધુ હતા. એમનું માનવું હતું કે કોઇનો પ્રાણ જાય કે ન જાય તો પણ માનસિક રીતે એવુ કોઇએ ઈચ્છી નાંખ્યું તો પણ તે હિંસક બન્યો ગણાય. એનો અર્થ એ થયો કે પ્રાણી વધતા સ્વરૂપે હિંસા ન થવા છતાં તે હિંસાજનક પાપથી દોરાઈ તો ગયોજ. સાથોસાથ એમણે આ પણ કહ્યુ તે 'વ્યક્તિ વિવેકપૂર્વક ચાલે, બેસે છે, ભોજન કરે છે, શયન કરે છે, બોલે છે આની વચ્ચે કોઇ પ્રાણી વધ થઈ પણ જાય છે, તો આ મુનિ 'પાપી' નથી બની જતો.

ભગવાન મહાવીરે પોતાની આ માનસિક હિસાને લગતી ધારણાને નાના રૂચિકર પ્રસંગો -ઘટનાઓ દ્વારા વ્યક્ત કરી છે.

તુરતજમાં દિક્ષિત બનેલાં રાજર્ષી પ્રસનચન્દ્ર સૂર્યની અભિમુખ થઇને એક પગ ઉપર ઊભા રહીને ધ્યાનમાં લીન છે. રાજા શ્રેણિક બિંબિસાર એની આ તપસાધનાથી પ્રભાવીત થઈ જાય છે. ભગવાન મહાવીરને પૂછે છે ભંતે, આપણા શ્રમણ-સંઘમાં રાજર્ષી પ્રસનચંદ્ર પ્રખર ધ્યાની છે તપસ્વી છે કૃપા કરીને આપની સર્વજ્ઞતાનો આધાર લઇને બતાવો કે જો તેઓ હમણાંજ કાળધર્મ પામી જાય તો તેને કયું સ્વર્ગ મળશે?' ભગવાન મહાવીરે કહ્યું 'પ્રસનચંદ્ર મુનિ અત્યારે પ્રખર સાધનાની મુદ્રામાં છે. પરંતુ હમણાં હમણાં એના મનમાં પોતાના રાજવૈભવના સંરક્ષણનું ચિંતન ચાલે છે.

તેઓ મનના આક્રાન્ત શત્રુઓની સાથે તલવાર અને તીરકામઠાંથી બે સુમાર લડી રહ્યાં છે. પરિણામમૂલક પરિસ્થિતિની આ ગતિ તેમનામાં ઘણા સમયથી ચાલી રહી છે. આ દ્વારા એમણે દલીતકર્મોનો એટલો સંચય કરી લીધો છે કે જો હમણાં એમની મરણ પ્રાપ્તિ થાય તો એમની પ્રાપ્તિ છે સાતમું નરક.

શ્રેણીક બિંબિસાર મૂગા બની ગયા ભગવાન મહાવીરની સર્વજ્ઞતાની સામે તે બોલવાનો પ્રયત્ન કરે તો પણ શું બોલે ! થોડો સમય વીતી ગયા બાદ તેણે ફરી પ્રશ્ન કર્યો ! 'ભંતે ? હવે જો તેને મોત મલી જાય તો તેને મૃત્યુની કઇ ગતિ મળશે ? ભગવાન મહાવીર કહે છે હવે એની મનની સ્થિતિ ઘણીજ બદલાય ચૂકી છે હવે તેઓ પોતે વિચારેલ વિષય પર બહુ અનુતાપ કરી રહ્યાં છે. એટલે હવે તે કાળધર્મ પામે તો સર્વોચ્ચ દેવગતિના યાત્રી બને તેમ છે. પરિણામે એકજ ધ્યાનમુદ્રામાં ભગવાન મહાવીરે માનસિક પરિસ્થિતિનું કેટલું તલસ્પર્શી ચિત્રણ કર્યું છે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનસિક હિંસા અહિંસાની ધારણાને પુષ્ટ કરતું એક વાર જીવંત ઉદાહરણ મગધપતી રાજા શ્રેણિક બિંબિસારનું છે. એકવાર તેઓ પોતાના પુનર્જન્મના વિષય પરત્વે ભગવાન મહાવીરને પૂછી રહ્યાં છે. જવાબ મળે છે 'નરક' એનું કારણ પૂછતાં ભગવાન મહાવીર કહે છે, 'ધર્મમાર્ગ ઉપર ગતી કર્યા પૂર્વે શિકાર તો તમે સેંકડો કર્યા હશે પણ એકવાર સગર્ભા મૃગીનો શિકાર કર્યા પછી તમને એટલો અહંકાર આવ્યો અને તમે તુરતજ તમારા સરદારોને કહ્યું 'એકજ બાણથી મા અને બાળકનો એકી સાથે વધ થાય એવો શિકાર તમે કદી જોયો છે ? સાંભળ્યું છે ધનુષ્યનું આવું કૌશલ્ય ? આના કારણે હે રાજશ્રી,માનસિક હિંસાની પ્રખરતા અથવા પોતાના જ વખાણ પ્રંશસાના કારણે તમને નર્ક–ગતિનું બંધન પ્રાપ્ત થયું છે.

મનની સર્વોત્તમ અવસ્થાના કારણે મળવી વિલક્ષણ પ્રાપ્તની વાત પણ ભગવાન મહાવીરે બતાવી છે. સમ્રાટ 'ભરત' ચક્રવર્તી હતો. અસંખ્ય યુદ્ધો પછી તે છ ખંડનો અધિપતિ બની ગયા. એક દિવસે જ્યારે તે પોતાના અરીસા મહેલ'માં સ્નાન કરવા માટે બેઠા અને એક આંગળીએ પહેરેલી રત્નજડીત વીંટી ઉતારી તો આંગળી એને કુરૂપ દેખાણી એકાએક ચિંતતની ધારા ફુટી નિકળી 'જે કંઈ દેખાય છે તે બાહ્ય છે. બહારનો દેખાવ છે, અવાસ્તવિક છે, નશ્વર છે:' આવી અનિત્ય ભાવનામાં વિચારીક ગતિ કરતાં કરતાં જ તેમને 'કેવળજ્ઞાન' પ્રાપ્ત થયું. તેઓ મોક્ષ માર્ગના પ્રવાસી બની ગયા. આ રીતે ભગવાન મહાવીરે મનની ભાવનાની ઊંચી ગતિના અનેક ઉદાહરણો બતાવ્યાં.

માનસિક અહિંસા પર આપણે વર્તમાન સમાજના સંદર્ભમાં પણ વિચારવાનું છે. અસામાજીક તત્વોની વાત છોડી દઈએ તો આપણે માનવું પડે કે વર્તમાન સભ્ય સમાજમાં શારીરીક અને ધાર્મિક હિંસા ઘણી ઓછી થઈ ગઈ છે. કોઈ પણ સભ્ય માણસને પ્રહાર કરવાની કે ગાલીપ્રદાન કરવાની વાત ગમે ત્યારે નથી વિચારતી. પરંતુ સમાજમાં આજે પણ માનસિક મલીનતા ભરપુર છે. ઇર્ષા, વિદ્વેષ, ઘૃણા તિરસ્કાર બહિષ્કાર અનીતિ, અન્યાય-ભેદભાવ વગેરે માનસિક હિંસાજ છે, આના કારણે આજે વ્યક્તિ પરિવાર અને સમાજ દુ:ખી છે મહાવીર નિર્વાણ પર્વના શુભ અવસરે દરેક વ્યક્તિઓએ પરસ્પર પ્રેરણા લેવી જોઇએ કે તે માનસિક હિંસાથી મુકત બનીએ. અને ભગવાન મહાવીરને સાચી અંજલી આપીએ. સાચી વાત તો એ છે કે 'સૌ સુખી થાઓ-સૌને આરોગ્ય પ્રાપ્ત થાવો' એ કામના ત્યારેજ પૂરી થઈ શકશે જ્યારે સમાજ પરસ્પરની માનસિક હિંસાથી પર બને.

અનુવાદક : કુમારી હીના જે. ગાંધી (ભાવનગર)

---

( અનુસંધાન પેજ ૪૧નુ ચાલુ )

હસ્તપ્રતોનો ઉપયોગ કરી પૂજ્ય મુનિશ્રીએ તેનો અણીશુદ્ધ મૂળપાઠ તૈયાર કરેલ છે.

જોકે આ ગ્રન્થના મૂળના કર્તા કોણ છે એ હજી સુધી નશ્ચિત થઇ શકયું નથી પણ તેના ઉપરના વ્યાખ્યા પૂજ્ય સૂરીશ્વરજી હરિભદ્રસૂરિજીએ લખેલી છે તો વાત નિર્વિવાદ છે.

આ પુસ્તકની શરૂઆતમાં વિદ્વાન પ્રાધ્યાપક શ્રી વી.એમ. કુલકર્ણીની English introduction આ પુસ્તકનું હાર્દ સમજવામાં ઘણી ઉપયોગી થશે. તેમણે પંચસૂત્રનો ટૂંક સાર તથા તેમાં રહેલા સિધ્ધાન્તો સરળતાથી સમજાવેલ છે તેમજ તેનું સાહિત્યિક મૂલ્ય સમજાવવા મૂળ ગ્રન્થમાંથી કેટલાક ઉદાહરણો આપ્યા છે.

આ ગ્રન્થમા આપેલ પૂ.પ.શ્રી પ્રદ્યુમ્નવિજયજીએ "સંશોધનનો આદર્શ-પ્રસ્તુત ગ્રન્થ" એ લેખ લખી સંશોધન-કાર્ય અંગે ઉપયોગી માહીતી પણ આપેલ છે.

અંતમાં આ પુસ્તક પ્રગટ કરવા માટે પ્રકાશક સંસ્થા શ્રી ભો. લ. ભારતીય સંસ્કૃતિ સંસ્થાને હાર્દિક અભિનંદન આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંચ સૂત્રનો સાર

(આ અંકમાં અન્યત્ર પૂજ્ય મુનિશ્રી જમ્બૂવિજયજી દ્વારા સંપાદિક-સંશોધિત પંચસૂત્રકમ-નો પરિચય આપ્યો છે. તેજ ગ્રન્થમાંથી પૂજ્ય મૂનિશ્રીએ આપેલ ટૂંક સાર અહીં આપ્યો છે)

પંચસૂત્રક ગ્રન્થમાં મૂખ્ય પાંચ સૂત્રો છે, સમગ્ર ગ્રન્થમાં અત્યંત વ્યવસ્થિત રીતે, જીવનની વ્યાવહારિક તથા આધ્યાત્મિક બાજુને લક્ષમાં રાખીને, વિચારો રજુ કરવામાં આવ્યા છે. એક એક સૂત્રમાં તે તે વિષયનું ખૂબજ ગંભીરતા પૂર્વક વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે. પાંચેય સૂત્રમાં જીવનના સનાતન સત્યો એવી સુંદર રીતે વર્ણવેલા છે કે આપણે એના વિશિષ્ટ શબ્દો અને સ્યાદ્‌વાદ શૈલીથી વિવેકપૂર્ણ વર્ણન ઉપર પદ પદે અત્યંત મુગ્ધ થઇ જઈએ તેવું અદ્‌ભુત તેમાં વર્ણન છે.

આ પંચસૂત્રનો સાર અત્રે આપવામાં આવે છે. પંચસૂત્રમાં પાંચ સૂત્રો નીચે પ્રમાણે છે.

(૧) પાપપ્રતિઘાત ગુણબીજાધાન સૂત્ર
(૨) સાધુધર્મ પરિભાવના સૂત્ર
(૩) પ્રવ્રજ્યાગ્રહણ વિધિ સૂત્ર
(૪) પ્રવ્રજ્યાપરિપાલના સૂત્ર
(૫) પ્રવ્રજ્યાફલ સૂત્ર

પ્રથમસૂત્રમાં સંસારના સાચા સ્વરૂપને વર્ણવતા વીતરાગ સર્વજ્ઞ ત્રૈલોક્યગુરુ અરિહંત પરમાત્માને નમસ્કાર કરીને સંસારનુ સ્વરૂપ વર્ણવીને સંસારપરિભ્રમણનો અંત લાવવા માટે ચતુઃશરણ ગમન આદિ શુ શું અને કેવી રીતે કરવાની જરૂર છે અને તેથી શું શું ફળ પ્રાપ્ત થાય છે એનું વિસ્તારથી વર્ણન છે. આ સૂત્રમાં તેના નામ પ્રમાણે ખરેખર પાપને પ્રતિઘાત કરીને ગુણના બીજોનું આધાન કરવાની રીત બતાવી છે.

બીજા સૂત્રમાં, ધર્મગુણોને સ્વીકાર કરવાની રુચિ થયા પછી શું શું કરવું જોઇએ, તેનું વિસ્તારથી વર્ણન છે. ધર્મગુણોનું ઉત્તમ સ્વરૂપ અને દુર્લભપણુ વિચારીને શ્રાવકે પાંચ અણુવ્રતો અત્યંત ભાવપૂર્વક સ્વીકારવા જોઈએ. સ્વીકારીને તેનું પાલન કરવું જોઇએ. હંમેશા પ્રભુની આજ્ઞાને જીવનમાં સ્વીકારવી જોઇએ. આજ્ઞા મહાન વસ્તુ છે. આજ્ઞા દોષોને દૂર કરીને મોક્ષ સુધી પહોંચાડનારી છે. અધર્મમિત્રોનો સંબંધ ત્યજી દેવો જોઇએ. લોગવિરુધ્ધનો ત્યાગ કરવો જોઇએ. લોકો ઉપર દયા લાવીને પણ, લોકોને ધર્મ ઉપર અભાવ ન થાય એ રીતે ધર્મી માણસે વર્તવું જોઇએ. ધર્મમિત્રો સાથે સંબધ કરવો જોઇએ ગૃહસ્થજીવનનો ઉચિત આચારોમાં પણ, પોતે સ્વીકારેલા ધર્મને ઉચિત વ્યવહાર કરવો જોઇએ. શ્રાવકનું જીવન કેવુ હોવું જોઇએ શ્રાવકે કેવી રીતે વ્યાપાર આદિ કરવા જોઇએ ઈત્યાદિ અનેક વાતોનું અતિ સુંદર વર્ણન આ બીજા સૂત્રમાં છે. સંસારનું અને ધર્મનું સ્વરૂપ વિચારતાં, જીવનમાં સાધુધર્મ સ્વીકારવાની તીવ્ર અભિલાષા પ્રગટે એ સ્વાભાવિકજ છે. માટે આનુ નામ **સાધુ ધર્મ પરિભાવના સૂત્ર** (સાધુધર્મની પ્રાપ્તિના ઉપાયભૂત પદાર્થને સૂચવનારૂં સૂત્ર )છે.

(૩) ત્રીજા સૂત્રમાં સાધુધર્મના લાભો સમજ્યા પછી, સાધુધર્મને પ્રાપ્ત કરવા માટે કેવું પવિત્ર જીવન જીવવું જોઇએ અને સાધુધર્મનો કેવી રીતે સ્વીકાર કરવો જોઈએ. તેનું વિસ્તારથી અત્યંત સુંદર વર્ણન છે. સાધુપણુ ગ્રહણ કરવા ઇચ્છનારનું જીવન એવું હોવું જોઇએ કે એનાથી કોઇને ય સંતાપ ન થાય, ખાસ કરીને માતા પિતાને તો સંતાપ ન જ થવો જોઇએ. દીક્ષા લેતા પહેલાં માતા-પિતાને કેવી રીતે સમજાવવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઈએ, તેમની વ્યવસ્થા કેવી રીતે કરવી જોઇએ ઇત્યાદિ અનેક વાતોનું સાચા અર્થમાં ઉત્સર્ગ-અપવાદ સહિત અત્યંત હૃદયસ્પર્શી વર્ણન આ ત્રીજા સૂત્રમાં છે. માતા-પિતા આદિને સંતોષીને, વૈભવ પ્રમાણે દીનદુઃખી આદિને પણ સંતોષીને પ્રભુની પૂજા કરીને, સદ્ગુરુ સમીપે, લૌકિક ધર્મમાંથી લોકોત્તર ધર્મમાં જવા પૂર્વક દીક્ષા કેવી રીતે લેવી જોઇએ એ વાતનું અત્યંત માર્મિક વર્ણન આ ત્રીજા સૂત્રમાં છે એટલે આનું પ્રવ્રજ્યાગ્રહણવિધિસૂત્ર એવું ખરેખર સાર્થક નામ છ.

(૪) પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી, પ્રવ્રજ્યાનું પરિપાલન કેમ કરવું, તેનું અત્યંત મહત્ત્વનું વર્ણન ચોથા સૂત્રમાં છે. દીક્ષા લેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. સાચા ઉપાયથીજ સાધ્ય સિધ્ધ થાય છે. એટલે સાચી રીતે સાધુ જીવન જીવવાની કળા ચોથા સૂત્રમાં સુંદર રીતે વર્ણવી છે. **જીવનમાં સર્વત્ર સમતા હોવી જોઇએ.** કોઇપણ હઠાગ્રહ ન હોવો જોઇએ. આગ્રહ એ પોતેજ દુઃખ છે. ગુરુકુલવાસ ગુરુ ઉપર અત્યંત બહુમાન, ગુરુવચનની આરાધનામાંજ મારૂં હિત છે એવી દૃઢ માન્યતા, ગુરુ શુશ્રુષા ઈત્યાદિ ગુણો હોય તો જ દીક્ષા સાર્થક થાય છે, આવા ગુણોથી યુક્ત બની આશંસાથી રહીત થઇ, મોક્ષનું લક્ષ્ય રાખી શાસ્ત્રોનું અધ્યયન કરવું જોઇએ.

દીક્ષા લીધા પછી પણ, ઉપર જણાવ્યા પ્રમાણે આરાધનાની જેને પડી નથી તેને કશોજ લાભ નથી એવા માણસને સાચી વાત કહેવાથી પણ દુઃખ થાય છે અથવા સાચી વાત કહીએ તો પણ એ અવગણના કરે છે અથવા એને સ્વીકારતો તો નથીજ. એના કરતા તો આરાધના બુધ્ધિથી આરાધન કરવા જતા કર્મ બહુલતાને લીધે તથા માનવસ્વભાવની નિર્બળતાને લીધે થોડો દોષ લાગી જાય વિરાધના થઈ જાય તો પણ તે પરંપરાએ મોક્ષનું કારણ બને છે. આવા આરાધક આત્માને સાચી વાત કહેવામાં આવે ત્યારે તે પોતાના હઠાગ્રહને વળગી રહેતો નથી, સાચી વાતનો સ્વીકાર પણ કરે છે, અને સાચી વાતને અમલમાં મૂકવાનો પ્રારંભ પણ કરે છે અને જેનામાં કર્મબહુલતા નથી તેવા પવિત્ર આરાધક આત્માની તો ઉત્તરોત્તર શુધ્ધિજ થતી જાય છે. અને એને પારમાર્થિક પ્રશમ સુખના પરમ આનંદનો અનુભવ થાય છે.

સંયમનો સાચો આરાધક સ્પષ્ટ રીતે સમજે કે ગુરૂ ઉપર બહુમાન એ જ ખરેખર મોક્ષ છે કારણ કે ગુરૂબહુમાન મોક્ષનું અમોઘ કારણ છે. ગુરૂબહુમાનથીજ તીર્થંકર ભગવાન સાથે સંબંધ જોડાય છે. ગુરૂ ઉપર જેને બહુમાન નથી તે ગમે તેટલી ક્રિયા કરે તો પણ ખરેખર એ ક્રિયાજ નથી. એની ધર્મક્રિયાઓ કુલટા સ્ત્રીની ઉપવાસાદ ક્રિયાઓ જેવી છે. જેમ કુલટા સ્ત્રી ગમે તેટલી તપ આદિ ક્રિયા કરે પણ એની કશી કિંમત નથી તેમ આવો ગુરુઆજ્ઞામાં નહિં રહેનાર શિષ્ય ગમે તેટલી ક્રિયા કરે તો પણ તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિમાં એ નિંદ્ય ક્રિયા છે સંસાર પરિભ્રમણ એજ તેનું ફળ છે. આવી સમજણ આવે એનું નામ સાચું જ્ઞાન છે. આવો જ્ઞાની સંયમનો આરાધક આત્મા દીક્ષા લઈને અનેક જન્મો સુધી આરાધના કરીને કર્મો ખપાવીને છેવટે અવશ્યમેવ મોક્ષમાં જાય છે. ઇત્યાદિ અનેક વાતો સંયમનું-પ્રવ્રજ્યાનું યથાર્થ પરિપાલન કેવી રીતે થાય એ જણાવવા માટે આ ચોથા સૂત્રમાં વિસ્તારથી સુંદર રીતે વર્ણવેલી છે. માટે આનું નામ **પ્રવ્રજ્યાના પરિપાલનનું સૂત્ર છે.**

(૫) પ્રવ્રજ્યાના સાચા પરિપાલનનું ફળ સિદ્ધિની-મોક્ષની પ્રાપ્તિ છે. આ સિધ્ધ અવસ્થાનું સ્વરૂપ કેવું છે, એમાં પરમ આનંદ છે ઈત્યાદિ અનેક વાતો દાર્શનિક પધ્ધતિથી શાસ્ત્રાનુસારે પાંચમાં સૂત્રમાં વર્ણવેલી છે. સાંખ્ય તથા બૌધ્ધ દર્શનના વિચારોની પણ આમાં આલોચના

( અનુસંધાન પેજ ૪૭ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ✱ સમાલોચના

**(૧) નલ દમયંતિ :-** પં. શ્રી પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)

પ્રકાશક : સંઘવી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ p/o સાઠંબા (સાબરકાંઠા) ગુજરાત.

પીન. ૩૮૩ ૩૪૦ મૂલ્ય રૂા. ૧-૫૦.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય રચિત ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં આવેલ નલ-દમયંતી ચરિત્રના આધાર ઉપર પૂજ્ય મુનિશ્રીએ રોચક શૈલીમાં આબાલ વૃદ્ધ સૌને વાંચવું ગમે એ પદ્ધતિએ આ 'નલ દમયંતી' ચરિત્ર હિન્દીમાં લખેલ છે. તેમાં નારી જાતિની મહત્તા ઉપસી આવે છે. જે સમાજમાં સ્રીનું યોગ્ય માન સન્માન થતું રહે તે સમાજ પ્રગતિ કરી શકે છે. મહાપુરુષોને જન્મ આપનારી અને તેમનું ઘડતર કરનારી નારીજ છે તેથી તેમને સમાજમાં યોગ્ય સ્થાન મળવું જોઈએ એ હકીકત આ ચરિત્રમાં આગળ તરી આવે છે

આશા છે કે આ પુસ્તક સૌ વાચકોને ગમશે. —કા. જ. દોશી

**(૨) નિત સમરો નવકાર :-** મૂળ લેખક પં. શ્રી ભદ્રંકરવિજયજી

સંગ્રાહક : આચાર્યશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ.

સંપાદક : પૂ. મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી

પ્રકાશક : શ્રી સ્મૃતિ ગ્રન્થ સમિતિ. ઠે. પી બી. જૈન ૭, ખરીદીયા એપાર્ટમેન્ટ, વાસણા બસ સ્ટેન્ડ પાછળ, અમદાવાદ ૭ મૂલ્ય રૂા ૪/-

પૂજ્ય મુનિશ્રી ભદ્રંકરવિજયજીએ નવકાર મંત્ર વિષે આપેલા પ્રવચનોમાંથી કરેલું આ સંકલન 'નવકાર મંત્ર' છે તેની ઉપયોગીતા વિષે ઘણી અગત્યની માહિતી આ સંગ્રહમાં આપવામાં આવેલી છે.

પૂજ્ય વજ્રસેનવિજયજી મહારાજે આ પુસ્તકના સંપાદકીય નિવેદનમાં સાચું જ કહ્યું છે કે "નમસ્કારનો નાદ" જો હૃદયમાં ગુંજારવ કરે તો પછી તે હૃદયમાં અન્ય નાદોની કિંમત નથી હોતી. શ્રી નવકારને જુદી જુદી રીતે ઘટાવી એના ઉપર આખી જીંદગી ચિંતન કરી આ મહાપુરુષે અમૃતધારા સમાન આ નવકારની ધારાને વહેવડાવી છે. એ ધારાને જ્યારે આત્મ-સ્પર્શી બનાવીશું ત્યારેજ નવકારના અચિન્ત્ય સહમાન સામર્થ્યનો અનુભવ કરી શકીશું.'

—કા. જ. દોશી

**(૩) ૧ ભગવાન મહાવીર ૨ ગુરુ ગૌતમસ્વામી ૩ શ્રીમદ્ રાજચંદ્ર ૪ ક્ષમાપના**—જૈન દર્શન પરિચય શ્રેણીઓમાંની પ્રથમ શ્રેણીના આ ચાર પુસ્તિકાઓમાં પ્રથમ તથા ચતુર્થ પુસ્તકાઓના લેખક ડૉ. કુમારપાળ દેસાઈ છે. બીજી પુસ્તકાના લેખક સ્વ. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ તથા તૃતીય પુસ્તકાના લેખક પૂજ્ય આત્માનંદજી છે.



For Private And Personal Use Only

દરેક પુસ્તિકાની કિંમત રૂા. ૫/- છે અને આખા સેટની કિંમત વીસ રૂપિયા છે સરળ ભાષામાં લખાયેલી આ પુસ્તિકાઓ સૌને વાંચવી ગમે તેવી છે. —કા. જ. દોશી

(૪) તૃષ્ણા અને તૃપ્તિ :- લેખક ડૉ. કુમારપાળ દેસાઇ

પ્રકાશક : કુમકુમ પ્રકાશન, મોડલ સિનેમા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧ કિં. ૧૪ રૂા.

આ પુસ્તકમાં લેખકશ્રીએ અનેક પ્રસંગોમાંથી તથા વાંચનમાંથી ચિંતન કરીને રોચક શૈલીમાં ચિંતનપ્રેરક પ્રસંગો વર્ણવ્યા છે. દરેક પ્રસંગને અંતે પ્રેરણા આપે એવી ચિંતન કણિકા આપી છે. તે વાંચકના મનને મનન તરફ વાળે છે. —કા. જ. દોશી

(૫) મોતીની ખેતી :- (જૈન ધર્મકથાઓ) લે. ડૉ. કુમારપાળ દેસાઇ

પ્રકાશ - કુસુમ પ્રકાશન-૬૧, 'નવચેતન' નારાયણ નગર સોસાયટી, જય ભિખ્ખુ માર્ગ પાલડી અમદાવાદ ૩૮૦ ૦૦૭. મૂલ્ય છ રૂપિયા. પૃષ્ઠ ૬૨. આ નાનકડી પુસ્તિકામાં નાની નાની છતા રસપ્રદ જૈન કથાઓ આપવામાં આવી છે. ભાષા સરળ અને ભાવવાહી છે. આ પુસ્તિકમાં અનેક મહાપુરુષોના જીવનમાંથી ચારિત્ર્ય ઘડતર કરે એવા પ્રસંગો વર્ણવ્યા છે. તે બધા પ્રસંગો ધર્મિક અને નૈતિક જીવનની પ્રેરણા આપે તેવા છે. —કા. જ. દોશી

( અનુસંધાન પેજ ૪૫નું ચાલુ)

કરવામાં આવી છે. આ પંચસૂત્રમાં કહેલી વાતો, યોગ્ય પાસે વર્ણવવી. અયોગ્યને અપાત્રને કહેવામાં પણ નુકશાન છે. એનું અકલ્યાણ છે માટે અયોગ્ય ઉપર કરૂણા લાવીને એને ન કહેતાં. યોગ્યને આ બધી વાતો જણાવવી. યોગ્ય આત્માનું એનાથી પરમ કલ્યાણ થાય છે, એમ ગ્રન્થની [illegible] જણાવ્યું છે. આમાં પ્રવ્રજ્યા [illegible] સિદ્ધ અવસ્થાનું વર્ણન [illegible] આ પાંચમાં સૂત્રનું નામ પ્રવ્રજ્યા [illegible] છે.

આ [illegible] સૂત્ર [illegible] સુંદર સરળ [illegible] છે. એના અનેક સંદર્ભોમાં અર્થ ગંભીર [illegible] રહેલા છે.

આ પંચસૂત્ર ગ્રન્થ ઉપર ટીકા રચીને ભગવાન હરિભદ્રસૂરિ મહારાજે સાધકો ઉપર [illegible] ઉપકાર કર્યો છે.

# સ્વર્ગવાસ નોંધ

શ્રી શાંતિલાલ જીવરાજભાઇ શાહ સંવત ૨૦૪૩ના કારતક શુદ આઠમને રવિવાર તા. ૯-૧૧ [illegible] મુંબઇ મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી મીલનસાર સ્વભાવના તેમજ ધાર્મિક વૃતિના હતા. તેમજ સભા પ્રત્યે અપૂર્વ પ્રેમ ધરાવતાં હતા. શાસન દેવ તેઓશ્રીના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## જૈન ગ્રન્થ વિમોચન સમારંભ

ભાવનગરમાં કૃષ્ણનગર સોસાયટીમાં આવેલ સાંકળીબાઇ હોલમાં તા. ૨૮-૧૨-૮૬ને સોમવારે આ જૈન ગ્રન્થ વિમોચન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં સ્યાદ્વાદામૃત પ્રકાશન મંદિર ટ્રસ્ટે પ્રકાશિત કરેલ. શ્રી કુસુમાંજલિ, સૂક્તિસુધા અને સ્રોતસ્વતી એ ત્રણ ગ્રન્થોની વિમોચનવિધિ કરવામાં આવેલ. આ પ્રસંગે પૂ.પં. શ્રી દાનવિજયજી મહારાજ તથા પૂ. ધર્મધ્વજવિજયજી મહરાજ ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તકનું ઉદ્ઘાટન કરતા શેઠશ્રી દીપચંદ એસ. ગાર્ડીએ જૈન સાહિત્ય 'પ્રકાશન અને પ્રચાર'ની જરૂરીઆત તરફ જૈન સમાજનું ધ્યાન દોર્યું હતું. પ્રવચન દરમીયાન દુષ્કાળના સમયમાં જીવદયાના કાર્યમાં પણ જૈન સમાજે પૂરતુ ધ્યાન આપવું જોઈએ એમ જણાવ્યું હતું.

## 'શ્રી ગઢડા મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ'

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી મુજબ ઇન્કમટેકસ મુકત છે.**

### બાબત :– દુષ્કાળની અસહય પરિસ્થિતિમાં કસાઇવાડે જતા જીવોને અટકાવી અભયદાનનું પૂન્ય ઉપાર્જન કરવા વિનંતિ

**નમ્ર નિવેદન,**

ગઢડા તાલુકાના ૭૬ ગામના ખેડુત ભાઇયોનું સંમેલન બોલાવી નક્કી કરેલ છે કે ગઢડા તાલુકામાંથી એક પણ જાનવરને કસાઈ ખાને જવા દેવો નહીં અને તમામ પશુઓને પાકા સ્લેબવાળા પશુઘરમાં રાખવા, આ સમજુતિ મુજબ તમામ પશુઓને પાંજરાપોળમાં રાખવામાં આવે છે, તે માટે ચોકખા પાણીની અવેડીયો તેમજ પાકી ગમાણો બનાવવામાં આવી છે, આ ઉપરાંત દાંતવિનાના વૃદ્ધ પશુઓને સાફકટર મશીનથી ઘાસનો ભૂંકો કરીને આપવામાં આવે છે તેમજ ડોકટરી સારવાર અને અનુભવી પશુપાલકો રોકવામાં આવેલ છે.

દુષ્કાળના કારણે જાનવરોની સંખ્યા વધતી જાય છે છતા ગઢડા તાલુકામાંથી એકપણ જાનવરને કસાઈ ખાને જવા દીધેલ નથી, અને જવા ન દેવાનો મક્કમ નિર્ણય કરેલ છે, આ નિર્ધારને પાર પાડવામાં નિચેની યોજનામાં ઉદારદિલે દાન આપવા વિનંતિ છે.

(૧) કસાઇવાડે જતા જીવ એકને અટકાવી જીવે ત્યાં સુધી નિભાવવાના રૂા. ૨૦૧/- રાખેલ છે.

(૨) કાયમીતિથિના રૂા. ૨૫૦૧/– નું દાન આપનાર વતી દરવરસે જીવ એકને કસાઈ પાસે જતો અટકાવી જીવે ત્યાં સુધી નિભાવવામાં આવે છે, અને દાન આપનારને ખબર આપવામાં આવે છે.

(૩) ઉપરની યોજનામાં અગરતો આપની ભાવના મુજબ પશુઓને નિભાવવા માટે દાન આપવા વિનંતિ.

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન પેજ ૪૮નું ચાલુ )

## —: દાનની રકમ મોકલવાનું સ્થળ :—

—: મુંબઇ ઓફીસ :—

ટ્રસ્ટી મંત્રી :- જયંતિલાલ એન. ડેલીવાળા, ૮૦ એ. બી. ઝવેરીબજાર, પટવાચાલ, મંમ્માદેવી મંદિર પાસે, ગ્રાઉન્ડફ્લોર મુંબઇ-૪૦૦ ૦૦૨.

ઓ. ટે. નં. ૩૧૭૬૬૦, ઘર ટે. નં. ૮૨૨૨૨૬૭

---

# કાળમુખા દુષ્કાળમાં 'વસ્ત્ર દાન' કરો

સતત બીજા વર્ષે પણ કાળમુખા દુષ્કાળે ગુજરાતના કેટલાક કમનસીબ ભાગોને જોરદાર ભરડામાં લીધા છે. તેનાં ૨૭૭૮ ગામોને દુષ્કાળગ્રસ્ત વિસ્તાર તરીકે સરકારે જાહેર કર્યા છે.

ઉત્તર ગુજરાતના સીમાડે આવેલા પછાત બનાસકાંઠાનાં ૧૩૭૦, કચ્છ જિલ્લાનાં ૯૦૬ અને મહેસાણા જિલ્લાના ચાર તાલુકા સમી, હારીજ, ચાણસ્મા અને પાટણ તાલુકાઓનાં ૩૯૧ ગામોની વેદના તો સૌથી વિશેષ છે.

બનાસકાંઠા જિલ્લો અમારી લોકગણ પ્રવૃત્તિઓનું વર્ષોથી કેન્દ્ર સ્થાન છે. છેલ્લાં ૪૩ વર્ષોથી અમે એ વિસ્તારમાં વર્ષે ત્રણસો જેટલી પરબોનું સંચાલન કરીએ છીએ

આ બધાં બે વર્ષની અનાવૃષ્ટિના કારણે દુષ્કાળની નાગચુડમાં ફસાતાં તે બધાં પર 'દુ:ખના ડુંગરો' ઉત્તરી પડયા છે.

આ વિષમ પરિસ્થિતિમાં અમારી પ્રથમ પ્રવૃત્તિ બનાસકાંઠાનાં અકિંચત કુટુંબોમાં શિયાળાની કડકડતી ઠંડીમાં વસ્ત્રો આપવાની છે.

પાંચ વ્યક્તિ પર્યંતના એક ગરીબ કુટુંબને કિફાયત ભાવનો એક ધાબળો તેમજ સાડલો યા ધોતર આપવા માટે થતા ખર્ચના રૂા. ૫૦ લેખે જેટલાં ગરીબ કુટુંબોને વસ્ત્રો આપવા થતી ભાવના નીચેના સરનામે જણાવો.

આ દાન કરમૂક્ત છે. બનાસકાંઠા જિલ્લા સહાયક ફંડ ટ્રસ્ટ-આ નામનો, ક્રોસ ચેક, ડ્રાફ્ટ અગર રોકડા મોકલી શકાશે. દાતાઓનાં શુભ નામો પ્રસિદ્ધ થશે. ઓછામાં ઓછી રૂા. પાંચસોની રકમ અમારી આ પ્રવૃત્તિ માટે ઉપયોગી થશે.

કનૈયાલાલ દુર્લભરામ ભણસાલી

મેનેજીંગ ટ્રસ્ટી, બનાસકાઠા, જિલ્લા સહાયક ફંડ ટ્રસ્ટ,

૧૭/૧૫ નવજીવન સોસાયટી, ચોથે માળે, લેમીંગ્ટન રોડ, મુંબઈ-૮ ટે. નં. ૮૯૫૪૭૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૧૧-૮૬ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૪૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૬૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૬૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૧૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૪૦-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૩૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૦-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૨૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૩૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૦-૦૦ |
| " " ભાગ-૨ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૫-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર ( સૌરાષ્ટ્ર )

તંત્રી શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only